# ગોધરા-દાહોદ ભાસ્કર

શનિવાર • 20 મે, 2017 | હાલોલ › ઝાલોદ › લુણાવાડા › સંતરામપુર | divyabhaskar.com


**તાપમાન**

| તાપમાન | દિવસ | રાત્રે |
|---|---|---|
| આજે | 38.00 | 26.00 |
| ગઈ કાલથી વધ્યુ/ઘટ્યુ | (-0.0) | (-0.0) |
| ભરૂચ | 38.02 | 26.06 |
| અંકલેશ્વર | 38.05 | 26.05 |

**પૂર્વાનુમાન** | વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધવાને કારણે ગરમીની અસર ઘટશે.

સૂર્યાસ્ત આજે 7.14 pm | સૂર્યોદય કાલે 5.58 am

## પહેલાં ગુડ ન્યૂઝ

### જીએનએફસી ખાતે સપ્તસેતુ કાર્યક્રમ યોજાશે

ભરૂચ | ભરૂચની જીએનએફસીના એસ એન આર ખાતે બે દિવસીય સપ્તસેતુ કાર્યક્રમ હેઠળ કવિતા લખ-છેક-ભુસ : એક વર્કશોપનું આયોજન કરવામાં આવશે. જીએનએફસીના એસ એન્ડ આર ક્લબ ખાતે યોજાનારા કાર્યક્રમમાં કવિતા લખવા અંગે માર્ગદર્શન તેનો ભાવાર્થ,અન્ય પાસાઓ અંગે તજજ્ઞોના વિચારો રજૂ કરાશે.

## ન્યૂઝ ફટાફટ

### ઓરવાડા પાસે રૅલ્વેથી કપાઇને એક મહિલાનું મોત

ગોધરા | ગોધરા તાલુકાના ઓરવાડા પાસે બલુપુર ગામેથી પસાર થતી રેલ્વે ના પાટા પર કોઈ અજાણી મહિલા કોઇ ટ્રેનની અડફેટે આવીને કપાઈને મોત નિપજયું હતું. પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી છે.

### નાદરવા ગામે જાનથી મારી નાખવાની ધમકી

ગોધરા | નાદરવામાં સુરેશ બારીઆ ચાલતા જતા હતા. દરમ્યાન રમેશ , દુષ્યતં , અક્ષય તથા મહેન્દ્ર આવીને મારા જમાઈ સાથે ઝગડો કરેલો તેમ કહીને સળીયા મારીને ઈજા કરીને મારી નાખવાની ધમકી આપી હતી.

### ચંચેલાવ ગામે અકસ્માતમાં ચારને ઇજા

ગોધરા | ચંચેલાવ ગામે ટેમ્પોચાલકે પુરઝડપે હકાંરીને રોડની સાઈડમાં ઉભેલી તુફાન ગાડીને પાછળથી ટક્કર મારીને એકસીડન્ટ કરતાં અંદર બેસેલા ચારેક જણાને ઈજાઓ કરીને ટેમ્પો મુકીને ચાલક નાસી ગયો હતો.

### પર્યાવરણની જાળવણીની સમજ આપી

ગોધરા | સંતરોડની પાનમ નદી તથા આસપાસમાં પયાવરણની જાળવાણી અને સ્વચ્છતા સદર્ભે અકલેશ્વરની સ્રસ્થા દ્વારા ગામજનો,વેપારીઓ તથા અગ્રણીઓને જાગૃતિની સમજ આપી તેમજ સર્ટીની વહેચણી કરી હતી.

### ડમ્પર અને ઇકો ગાડી વચ્ચે અકસ્માતમાં બેને ઇજા

ગોધરા | ગોપીપુરા ચોકડી પાસે ડમ્પરના ચાલકે ઈકો ગાડીને અથડાવતા અંદર બેસેલા અજયભાઈ તથા ભારતીબેને ઈજાઓ કરીને ગાડી મૂકીને નાસી ગયો હતો.પોલીસે ગુનો નોંધીને કાર્યવાહી હાથ ધરી હતી.


કાર્યક્રમોની માહિતિ, પ્રેસનોટ અને સમાચાર માટે વોટ્સએપ અથવા ઇ-મેઇલ કરો
9099203204
barodaregional123@gmail.com


## અંદર વાંચો


છ ડેમના જથ્થાની માહિતી ઓનલાઇન મુકો (પેજ-02)

મહાનુભાવોની પ્રતિમાની જાળવણી નહિ (પેજ-03)

ગોધરામાં 6.63 લાખની ચોરીની ઘટના (પેજ-04)


## પંચ તંત્ર



કેજરીવાલજી, આ કપીલ મીશ્રા નથી બોલતા આ તો છાપરે ચડી પાપો બોલે છે.

### દે.બારિયા તાલુકામાં મધરાતે પચ્ચીસથી ત્રીસ ધાડપાડુઓએ મારમારી લૂંટ ચલાવી

# રામામાં ધાડપાડુઓનો આતંક : બે રાઉન્ડ ફાયરિંગ કરી નવને ફટકાર્યા

**દે.બારિયા | દેવગઢ બારિયા તાલુકાના રામા ગામે રાત્રીના સમયે ત્રાટકેલા 25 થી 30 ધાડપાડુઓએ ગામના એક ઘરે લૂંટ ચલાવીને આ ઘરના નવ જેટલા સદસ્યોને માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. તેમજ ધાડ પાડુઓ દ્વારા હવામાં બે ફાયરીંગ પણ કરાતા તાલુકામાં હાહાકાર મચી જવા પામ્યો છે.**

## નાનકડાં ગામમાં આતંક મધરાતે ધાડપાડુ ટોળકીના ખેલથી તાલુકામાં હાહાકાર

પ્રાપ્ત માહિતી મુજબ 18 મેના રોજ રાત્રીના બાર વાગ્યાના અરસામાં દેવગઢ બારિયા તાલુકાના રામા ગામે રહેતા ઈસ્માઈલ રસુલભાઈ રામાવાળાના ઘરે 25 થી 30 ધાડપાડુઓ ત્રાટક્યા હતા અને ધાડપાડી હતી. આ લૂંટારૂઓ દ્વારા ઈસ્માઈલભાઈના પરિવારના નવ સદસ્યોને મુઢ માર મારીને જીવલેણ ઈજાઓ પહોંચાડી છે. જેમાં નાના ઈસ્માઈલ પટેલ, ઈસ્માઈલ ઈસા, વસીમભાઈ, જાબીરભાષ મહેબુભાઈ, રૂકૈયા ઈસ્માઈલ, સદામ ઈસ્માઈ, સલીમ યાકુપ અને દિનેશભાઈ આ તમામ લોકોને લૂંટારૂઓએ લાકડાના ડંડાથી માર મારીને ઈજાઓ પહોચાડી હતી. તેમજ સોના ચાંદીના દાગીના 1,33,000 તથા રોકડા 65,000 કુલ મળીને 1,98,000 રૂપિયાની લૂંટ કરી હતી. તેમજ આ લૂંટારૂઓ દ્વારા હવામાં બે ફાયરીંગ પણ કરવામાં આવ્યા હતા. લૂંટ ધાડનો આ બનાવ બનતા આખા ગામમાં હાહાકાર મચી ગયો હતો. તેમજ

...અનુસંધાન પાના નં.2



બારિયા તાલુકામાં રામા ગામે એકજ ઘરના નવ લોકોને ગંભીર ઈજાઓ પહોંચાડી ધાડપાડુઓએ1.98 લાખની લૂંટ ચલાવી હતી. :તસવીર નીલ સોની

### આગોતરૂ આયોજન કરી લૂંટ કરાયાની શંકા

રામા ગામે લૂંટારૂઓએ અગાઉ વોચ ગોઠવી રેતીનો ધંધો કરતાં વહેપારીને ત્યાં જ લૂંટ કરી. રામા ગામ એક બહોળો વિસ્તાર ધરાવતુ ગામ છે. જ્યા રેતીનો ધંધો કરતાં લીઝ હોલ્ડરને ત્યાં વાહનોની અવર જવરના અંદાજે લૂંટારૂએ આગોતરૂ આયોજન કરી તેમજ મકાનને ચારે બાજુથી ઘેરી સોફ્ટ ટાર્ગેટ બનાવ્યો હોવાનું ઘટનામાં દેખાઈ આવે છે.

### 2 મોટા બનાવ બનતા પોલીસ પેટ્રોલીંગ જરૂરી

દેવગઢ બારિયા તાલુકામાં છેલ્લા કેટલાક સમયથી ચોરી લૂટફાટના બનાવોમાં શાંતી સ્થાપાઈ હતી. પરંતુ છેલ્લા બે દિવસમાં બે મોટા બનાવ બનતા પોલીસ પેટ્રોલીંગની પોલ ખુલી ગઈ હતી. પીપલોદમાં કવાલીના દિવસે એક મનસુરી પરીવાર લૂટાયો હતો. જ્યારે બીજા દિવસે રામામાં આવી મોટી લૂટ થતાં પોલીસ પેટ્રોલીંગ કડક કરવાની માંગ છે.

### રૂપિયાની લેતી દેતી હોવાનું ચર્ચા

# હાલોલની કોર્મશીયલ સોસા.ના મેનજર ગુમ

## નર્મદા કેનાલ પાસેથી બાઈક મળી

ભાસ્કર ન્યૂઝ.હાલોલ

હાલોલની ખાનગી બેંકમાં મેનેજર તરીકે ફરજ બજાવતા અને વૈશાલી સોસાયટીમાં રહેતા બે સંતાનોના પિતા વહેલી સવારથી રહસ્યમય સંજોગોમાં ગૂમ થયા બાદ તેની બાઈક હાલોલ વડોદરા રોડ પર આવેલા ખંડેલાવ ગામ પાસેથી પસાર થતી નર્મદા કેનાલની પાળ ઉપરથી બીનવારસી હાલતમાં મળી આવતા આત્મહત્યાની આશંકા વ્યકત કરી તંત્ર દ્વારા કેનાલમાં શોધ ખોળ કરાઈ છે. બનાવ અંગે રૂપિયાની લેતી દેતી હોવાનું ચર્ચા શહેરમાં ટોક ઓફ ધી ટાઉન બન્યુ છે.

હાલોલની સ્ટેશન રોડ સ્થિત આવેલ ધી કોર્મશીયલ કો.ઓ.કે. સોસાયટીમાં છેલ્લા ઘણા વર્ષોથી બેંક મેનેજર તરીકે ફરજ બજાવતા મનોજકુમાર હરીભાઈ મહેતા ઉવ.40, રહે.વૈશાલી સોસાયટી, આજે વહેલી સવારે પાંચ વાગ્યાના સુભારે મિત્રને વડોદરા ખાતે લેવા જાઉં છુ તેમ કહીને નિકળ્યા હતા. બાદ મોબાઈલ ફોન નો રીપ્લાન આવતા પરિવારજનો અને મિત્રો શોધખોળ કરવામાં આવી હતી બપોરે મનોજભાઈ મહેતાની બાઈક બિનવારસી હાલતમાં ખંડેવાડા નર્મદાની કેનાલની પાળ ઉપર પડી હોવાની વાત વાયુવેગે પ્રસરી જતા પરિવારજનો સહિત ગામ લોકો મોટીસંખ્યામાં દોડી આવ્યા હતા.

...અનુસંધાન પાના નં.2

### હત્યા કે આત્મ હત્યા

રહસ્યમય સંજોગોમાં ગુમ થયેલ મનોજ મહેતાએ એક અંગત મિત્રને મોબાઈલથી મેસેજ કરી મારી બાઈક મારી બાઈક ખંડેવાડા કેનાલ પાસેથી ઈલ મારા ઘરે પહોંચાડી દેશો. તો શુ મનોજે આત્મ હત્યા કરી છે કે પછી કેનાલ પર બાઈક મુકી તને કોઈ ઉપાડી ગયુ તે એક પ્રશ્ન ઉભો થયો છે.

### મોબાઈલ-પાકિટ ઘરની બહારથી મળ્યા

હાલોલની ધી કોર્મશીયલ કો.ઓ.કે.સોસાયટીના જનરલ મેનેજર મનોજ મહેતા આજે સવારે ઘરેથી નિકળ્યા ત્યારે તેમનો મોબાઈલ અને પાકિટ ઘરની બહાર જુતા મુકવાના સ્ટેન્ડમાં બુટના બોકસમાં મુકીને ગયા હોવા બાબતે અનેક તર્કવિતર્કો ઉઠયા છે. આ બાબતને પરિવારજનોમાં પણ આશ્ચર્ય ફેલાયુ હતુ. તેઓનું બાઈક ખંડીવાડા નર્મદા કેનાલ પાસેથી મળી આવતા રહસ્ય સર્જાયુ હતુ. શુ તેઓ પોતે આત્મ હત્યા કરવાની પૂર્વ તૈયારી સાથે ગયા હતા. કે રૂપિયાની કોઈ સાથે લેવડ દેવડ બાબતે તેઓ ભોગ બન્યા હશે.



મેન્દ્રા ચોકડી પાસેથી દારૂ ભરેલી બે કાર ઝડપાઈ હતી. તસવીર યોગેશ શાહ

### ખેપ મારનારા વડોદરાના 3ની ધરપકડ

# મેન્દ્રા ચોકડી પાસેથી વિદેશી દારૂ ભરેલી બે કાર ઝડપાઈ

## 1.25 લાખનો દારૂ જપ્ત કરવામાં આવ્યો

ભાસ્કર ન્યૂઝ. લીમખેડા

દેવગઢ બારિયા પોલીસે બાતમીનાં આધારે મેન્દ્રા ચોકડી પાસે નાકાબંધી સાથે વોચ ગોઠવી છ કલાકના સમયગાળામાં સવા લાખનો વિદેશી દારૂ ભરેલી બે કાર સાથે દારૂની ખેપ મારનારા વડોદરાના ત્રણ બુટલેગરોને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

દેવગઢ બારિયાના સિન. પોસઈ પી.એચ.વસાવા, પો.કો. ગણપતસિંહ, હે.કો. જસવંતસિંહ સહિતનો સ્ટાફ બાતમીના આધારે મેન્દ્રા ચોકડી પાસે નાકાબંધી સાથે વોચમાં ગોઠવાયા હતા. તે દરમિયાન ગુરૂવારે સાંજે સાડા સાતેક વાગે વડોદરાના રવિકાન્ત ભવરલાલ રાજપુર મારૂતિ કારમાં 52,200 રૂપિયાની કિંમતનો

...અનુસંધાન પાના નં.2

### લીમખેડા કોલેજ પાસેનો બનાવ

# અંધારામાં મુકેલી ટ્રક સાથે ટકરાતાં બાઈક સવારનું મોત

## ટ્રક ચાલક વિરૂદ્ધ ગુનો નોંધાયો

ભાસ્કર ન્યૂઝ. લીમખેડા

લીમખેડા કોલેજ સામે રસ્તા ઉપર બંધ સ્થિતિમાં મુકી રાખેલી એક ટ્રક સાથે અંધારામાં હંકારી આવતો બાઈક સવાર ટકરાયો હતો. ગંભીર ઈજાઓ થતાં ઘટના સ્થળે જ તેનું મોત નિપજ્યું હતું.

લીમખેડા-લીમડી રસ્તા ઉપર લીમખેડા કોલેજ પાસે જીજે18-એટી-9521 નંબરની ટ્રક બગડી જવાથી તેનાં ચાલકે રાત્રીના સમયે ટ્રકના ઈન્ડીકેટર ચાલુ કર્યા વિના અન્ય કોઈ નિશાનીઓ મુક્યા વિના ટ્રકને રસ્તા ઉપર ઉભી કરી દીધી હતી. તે દરમિયાન રાત્રીના સમયે અંધારૂ હોવાથી રાજસ્થાનના કુશલગઢ તાલુકાના મોર ગામનો રાકેશ કલસિંગ કટારા સામેથી આવતા અન્ય વાહનના પ્રકાશથી અંજવાઈ જઈ રસ્તા ઉપર ઉભેલી ટ્રકનાં પાઠળના ભાગે બાઈક સાથે ભટકાયો હતો. તેને માથામાં ગંભીર ઈજાઓ થતાં તેનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. અકસ્માત સંદર્ભે મૃતકનાં ભાઈ થાવરસિંહ કટારાએ ટ્રકનાં ચાલક વિરૂદ્ધ બેદરકારી દાખવવાની ફરિયાદ નોંદાવતાં ટ્રક ચાલકની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

### માત્ર 1350માં માસિક વેતન ચૂકવાતા અન્યાય થતો હતો

# 7 શ્રમયોગીઓને યોગ્ય પગાર લાભ આપવા મજદૂર અદાલતનો આદેશ

## વર્ષ-88ના પરિપત્રનો લાભ આપવામાં આવતો નહતો

ભાસ્કર ન્યૂઝ. ગોધરા

સરકારના પરિપત્ર હોવા છતા તથા 25 વર્ષથી ફરજ બજાવવા છતાં ગોધરા જીલ્લા પંચાયતના વિવિધ વિભાગના સાત જેટલા કર્મીઓને યોગ્ય પગાર લાભ નહી અપાતા અન્યાય અંગેનો કેસ ચાલી જતાં ગોધરા મજદૂર અદાલતે તેઓને લાભ વર્ષ-08થી ચૂકવી આપવાનો આદેશ કરતા આનદ વ્યાપી ગયો છે.

ગોધરા જીલ્લા પંચાયત હસ્તક હેઠળ ચાલતા બાંધકામ, આરોગ્ય સહિતના વિભાગમાં છેલ્લા 25 વર્ષથી ફરજ બજાવતા હરીશચંદ્ર રાઠોડ, અશોક વણકર, ખાતુભાઈ વણકર, અરવિંદભાઈ પરમાર, સૈયદ મુમતાઝઅલી, ચંદ્રસિંહ પટેલ,ચંદ્રસિંહ શિકારી વગેરે નોકરીમાં હાજર થયા તે સમયે આઠ કલાકની કામગીરી કરાવી ફિક્સ માસિક રૂા. 1350 મુજબ પગાર ચૂકવાતા હતા.

આ તમામ શ્રમયોગીઓ ભરતીની પ્રક્રિયા મુજબ ફરજમાં હાજર થયા હતા લઘુત્તમ વેતન ધારા મુજબનો પગાર ચૂકવતા ન હતા. તેમજ વર્ષ-88ના પરિપત્રનો લાભ તેઓ હકકદાર હોવા છતાં લાભ આપવામાં આવતો નહતો. આ અન્યાય બાબતે ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશનના પ્રમુખ અંબાલાલ ભોઈને રજૂઆત કરતા શ્રમ આયુક્તગોધરા કચેરીમાં કેસ દાખલ કર્યો હતો જેમાં કોઈ સમાધાન ન થતાં મજૂર અદાલતમાં રજૂ કર્યો હતો જેના પગલે અદાલતે 17-10-77ના પરિપત્ર મુજબ પગાર અને તો 1-108થી અત્યાર સુધીના થતાં પગાર તફાવત અને લાભોની રકમ એવોર્ડ થયાના ત્રીસ દિનમાં ચૂકવી આપવાનો હુકમ કરાયો છે.

### છારીયા ગામે અને પંચામૃત ડેરી પાસે અકસ્માત

# બે અકસ્માતમાં બે જણાના મોત

ભાસ્કર ન્યુઝ ગોધરા

ગોધરાના છારીયા ગામે અને પંચામૃત ડેરી પાસે અકસ્માતના બનાવમાં બે ના મોત થયા હતા. પોલીસે ચાલકો વિરુધ્ધ ગુનો નોંધીને તપાસ હાથ ધરી હતી.

ગોધરા તાલુકાના છારીયા ગામે રોડ ઉપર મારૂતી ગાડીનો અજાણ્યો ચાલકે પોતાની મારૂતી ગાડી પુરઝડપે અને બેદરકારી રીતે હકાંરીને આવતો હતો. રસ્તે ચાલતા સંજય ગજરૂભાઈ રાઠવા રહે. વેગનપુર,તા.ગોધરાને પાછળથી ટક્કર મારી ગંભીર ઈજાઓ કરી હતી.મારૂતી ચાલક અકસ્માત કરીને ઘટના સ્થળેથી નાસી ગયો હતો.ધાયલ સંજયભાઈને સારવાર માટે દવાખાને દાખલ કરતાં તેનું ગંભીર ઈજાઓને કારણે મોત નિપજયું હતું. જયારે ગોધરાની પંચામૃત ડેરીની સામે મારૂતી ગાડીનો અજાણ્યો ચાલક મારેતી જૈન પુરઝડપે અને બેફીકરાઈને ચલાવીને ટાટા ગાડી સાથે અથડાવીને અંદર બેસેલા મનુભાઈ કાળીદાસ પંચાલ તથા મધુબેનને ઈજાઓ કરી હતી. મનુભાઈને ગંભીર ઈજાઓ થવાથી તેમનું ઘટના સ્થળે મોત નીપજયુ હતું.જે અંગેની ફરીયાદ પોલીસ સ્ટેશનમાં નોધાતા પોલીસે ગુનો નોધીને તપાસ હાથ ધરી હતી.


**Female School Computer Teachers- Halol (PMS)**

Panacea Education, Looking for 3 Female School Computer teachers, with basic computer knowledge and aptitude to teach, in English medium school at Halol. (Training will be provided to the selected Candidate)

Walk in on 22-05-17 (Monday) 10 am to 1 PM

Interview at : MGM School, Halol

Halol, Godhra Highway, Halol-PMS Contact : 9376214728


**સહાય** | પુનઃ લગ્ન કરનાર માતાના બાળકોને પાલક તરીકે સહાય મળશે : સરકાર દ્વારા સુધારો કરાયો

# હવે પાલક માતા-પિતાને સહાય મળશે

ભાસ્કર ન્યૂઝ. દાહોદ

દાહોદ જિલ્લામાં જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી, ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા 0 થી 18 વર્ષના અનાથ બાળકોના અભ્યાસ અને સંતુલિત વિકાસ કરવાના હેતુથી જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી દ્વારા પાલક માતા-પિતા યોજના રાજયભરમાં અમલી છે. જેમાં આ યોજનાના સહાય દર માસિક રૂ. 1000 થી વધારીને રાજય સરકાર દ્વારા રૂ.3000 કરવામાં આવેલ છે. જેમા પાલક માતા પિતાની વાર્ષિક આવક શહેરી વિસ્તારમાં રૂ. 36000/- અને ગ્રામ્ય વિસ્તારમાં રૂ.27000/- થી વધુ હોવી જરુરી છે. આ યોજના અંતર્ગત જે બાળકના માતા-પિતા મૃત્યુ પામ્યા હોય તે બાળકને પાલક માતા-પિતા યોજનાનો લાભ મળતો હતો,પરંતુ જે બાળકના પિતા મૃત્યુ પામ્યા બાદ માતાએ પુનઃલગ્ન કરી લીધા હોય અને આવા કારણસર અનાથ થયા હોય તેવા બાળકોને આ યોજનાનો લાભ મળતો ન હતો. પરંતુ ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક - જજઅ/102016/703421/ન. બા./૬,તા.03-05-2017 દ્વારા જે બાળકના પિતા મૃત્યુ પામ્યા બાદ માતાએ પુનઃલગ્ન કરી લીધા હોય અને આવા કારણસર અનાથ થયા હોય તેવા બાળકોને આ યોજનાનો લાભ, બાળકોનું હિત જળવાય અને સુરક્ષિત જીવન વિતાવી શકે તેવા ઉમદા હેતુથી પાલક માતા-પિતા યોજનાના ધારા-ધોરણમાં સુધારો કરવામાં આવેલ છે. જેથી હવેથી જે બાળકના પિતા મૃત્યુ પામ્યા બાદ માતાએ પુનઃલગ્ન કરી લીધા હોય અને આવા કારણસર અનાથ હોય તેવા બાળકોને આ યોજનાનો લાભ મેળવી શકશે.

### જિલ્લા બાળ સુરક્ષા કચેરીમાં ફોર્મ અપાકે

દાહોદ આવું કોઈ બાળક આ યોજનાના લાભથી વંચિત ન રહે તેવા ઉમદા હેતુસર જીલ્લા કલેકટર રંજીથ કુમાર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે કે ફોર્મ મેળવવા અને વધુ માહિતી માટે જીલ્લા બાળ સુરક્ષા એકમ,રુમ નંઃ- 310/311, ત્રીજો માળ, જીલ્લા સેવા સદન, છાપરી, દાહોદ ખાતે કચેરી સમય દરમ્યાન સંપર્ક કરવાનું જણાવાયું છે.

### દિવાલ પડતા એકનું મોત

ગોધરા. હાલોલના જાલીયાકુવા ગામે ઘરની દિવાલ પડતા એક દબાઈ જવાથી ઈજાઓ થઈ હતી. તેનું સારવાર દરમ્યાન મોત થયું હતું . હાલોલ તાલુકાના જાલીયાકુવા ગામે તા. 13/5/2017ના રોજ બપોરે ભારતભાઈ વેચાતભાઈ પોતાના ઘરે હતા. તે દરમ્યાન અચાનક ઘરની દિવાલ તેઓ પર પડતાં તેઓ દબાઈ ગયા હતા. દિવાલ પડવાથી તેઓને માંથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. ધાયલ ભારતભાઈને વડોદરા ખસેડાયા હતા.જયાં ભારતભાઈનું સારવાર દરમ્યાન મોત થયું હતું.


**જોઈએ છીએ**

ફીલ્ડમાં કામ કરી શકે તેવા યુવકો યુવતીઓ અને એકાઉન્ટન્ટ ટેલીમાં કામ કરી શકે તેવા. કુમકુમ ઈન્ડેન લુણાવાડા માટે જરૂર છે. ગામે ગામ ફરીને ફોર્મ એકત્ર કરી એજન્સી સુધી પહોંચાડવા માટે તાત્કાલિક યુવકોની જરૂર છે.

ટેલીમાં કામ કરી શકે તેવા એકાઉન્ટન્ટની જરૂર છે.

-: સંપર્ક :- કુમકુમ ઈન્ડેન

સેવાસદન પાસે, વરધરી રોડ, લુણાવાડા, ૯૯૨૪૧૬૩૪૬૩

દિવ્ય ભાસ્કર

દેશના સૌથી વિશાળ અખબાર જૂથ દૈનિક ભાસ્કર ગ્રૂપ નું અગ્રણી ગુજરાતી અખબાર દિવ્ય ભાસ્કરને ગોધરા-દાહોદ આવૃત્તિ હેઠળ

કાલોલ, ગોધરા અને લુણાવાડા માટે અખબારની એજન્સી આપવાની છે

રસ ધરાવતા ઉમેદવારો/સંસ્થાઓ નીચેના સરનામે સંપર્ક કરવો :

સંપર્ક : સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦ સુધી

એસ.એમ.ડી. વિભાગ : એ-૪૯, આર્યન એવન્યુ, અમીતનગર સર્કલ પાસે, કારેલીબાગ, વડોદરા. મો.: 75810 00611